જા.ક્ર.:મા-૧/૨૦૨૪/ ૨૨૭૩૭

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૨૯/૦૭/૨૦૨૪.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ. સુરત.

આ સાથે સામેલ કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના તા. ૨૩/૦૭/૨૦૨૪ના પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૪-૨૫/૬૮૦૦-૩૪ની જાણ તથા અમલવારી સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

ક્રમાંક: ઘ/માધ્ય/પરય/૨૦૨૪-૨૫/ ૬૮૦૦૩૪

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
પુનિત વનની સામે, સે-૧૯
ગુ.રા., ગાંધીનગર.
તા.૨૩-૦૭-૨૦૨૪

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક નંબર :- ૫૫૦૫
તારીખ :-
શાખા :-
સહી :-

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ.

**વિષય: માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને "સંસ્કૃત ગૌરવ પરીક્ષા"માં ભાગ લેવા બાબત.**
સંદર્ભ: સંસ્કૃતભારતી, અમદાવાદના તા.૨૭-૦૬-૨૦૨૪ના પત્ર

ઉપરોકત વિષય અને સંદર્ભદર્શીત પત્ર અન્વયે જણાવવાનું કે, સંસ્કૃતભારતી સમગ્ર દેશમાં અને વૈશ્વિક સ્તરે ૨૧ દેશોમાં સંસ્કૃત-સંલગ્ન વિવિધ પ્રવૃત્તીઓ દ્વારા સંસ્કૃતભાષાના સંવર્ધન અને સંરક્ષણનું કાર્ય કરે છે. તે અંતર્ગત રાજ્યની માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ધોરણ ૯ થી ૧૨ ના બાળકોમાં સંસ્કૃતભાષાની સરળતા અને માધુર્યતાનો પરિચય થાય તે માટે ગુજરાત રાજ્યમાં પણ આ પરીક્ષાનું કાર્ય અમદાવાદથી ચાલી રહ્યું છે.

"સંસ્કૃત ગૌરવ પરીક્ષા" દર વર્ષે ચાર વિભાગોમાં લેવામાં આવે છે જેમાં ચાલુ વર્ષે તારીખ: ૦૭/૧૨/૨૦૨૪ના શનિવારના રોજ યોજવામાં આવનાર છે જે અંતર્ગત શાળાઓમાં સ્વેચ્છાએ ભાગ લેવા ઇચ્છતા બાળકોની વિગતો મોકલવાની તારીખ પરીક્ષા ફી તથા અન્ય વિગતો દર્શાવતું પત્રક આ સાથે સામેલ રાખેલ છે.

❖ **<u>પરીક્ષા પ્રણાલી</u>**

કેન્દ્રમાં પરીક્ષાર્થીઓની લઘુતમ સંખ્યા ૫૦ રહેશે. ચારેય પરીક્ષાના પરીક્ષાર્થીઓની કુલ સંખ્યા ૫૦ હોય તો કેન્દ્ર કરી શકાશે.

છઠ્ઠા ધોરણથી શરૂ કરીને ઉચ્ચશિક્ષણ સુધીના કોઇપણ વિદ્યાર્થીઓ તેમજ કોઇપણ સામાજિકવ્યક્તિ આ પરીક્ષામાં ભાગ લઇ શકે છે.

એક વર્ષમાં એક સાથે સોપાન ક્રમે સૌપ્રથમ પ્રવેશિકા અને પ્રદીપિકા ત્યારબાદ જ પ્રમોદિકા અને પ્રવાહિકા એમ બે પરીક્ષાઓ સાથે આપી શકાય.

❖ **<u>નોંધણી પ્રક્રિયા</u>**

- Google playstore પર જઇ sanskrut Gaurav parixa-એપ્લીકેશન ડાઉનલોડ કરવી.
- Register as institute-continue બટન પર ક્લીક કરવાથી ફોર્મ ખુલશે.
- ફોર્મ ભર્યા પછી Register and pay fee પર કલીક કરવાથી પેમેન્ટ ઓપ્શન પર જઇ પેમેન્ટ કરવું.
- પેમેન્ટ થઇ ગયા બાદ My Registration માં Waiting for conformationનો સંદેશ દ્વારા ભરાયાની પુષ્ટી થશે.
- ત્યારબાદ પરીક્ષાર્થીઓના નામની યાદી અપલોડ કરી શકશો.
- અંતિમ તારીખ સુધી રજીસ્ટ્રેશન કરવું ત્યારબાદ રજીસ્ટ્રેશન થઇ શકશે નહિ.
- યાદીમાં જે રીતે પરીક્ષાર્થીનું નામ લખેલ હશે તે મુજબ જ પ્રથમ પરીક્ષાર્થીનું પુરૂ નામ, પિતાનું નામ અને છેલ્લે અટક લખવી.

❖ **<u>સંસ્થા માટે પરીક્ષા શુલ્ક</u>**

(૧) પ્રવેશિકા-રૂ.૬૦, (૨) પ્રદિપિકા- રૂ.૬૦, (૩) પ્રમોદિકા રૂ.૬૦ (૪) પ્રવાહિકા- રૂ.૬૦

❖ **<u>પરીક્ષા</u>**

ચારેય પરીક્ષાઓ O.M.R પધ્ધતિથી લેવામાં આવશે. કુલ ૫૦ પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્નનો બે (૨) ગુણ રહેશે.

❖ <u>પરિણામ અને પ્રમાણપત્ર</u>

(ક) ઉત્તીર્ણતા માટે ૪૦ ગુણ રહેશે. ઉત્તીર્ણ થનાર પ્રત્યેકને શ્રેણી અનુસાર પ્રમાણપત્ર આપવામાં આવશે જેમકે,

| | |
|---|---|
| તૃતીય શ્રેણી - | ૪૦ થી ૫૪ |
| દ્વિતિય શ્રેણી- | ૫૫ થી ૬૯ |
| પ્રથમ શ્રેણી- | ૭૦ થી ૮૪ |
| વિશેષયોગ્યતા- | ૮૫ થી ૧૦૦ |

(ખ) પરીક્ષા પુરી થયા પછી ઉત્તીર્ણ થયેલ વિધાર્થીઓને પ્રમાણપત્ર પરીક્ષા કેન્દ્રના સરનામે સત્વરે મોકલવામાં આવશે.

**આપને પરીક્ષા બાબત કોઇ પણ પ્રશ્ન હોય તો નીચેના નંબર પર સંપર્ક કરવા વિનંતી.**

❖ <u>સંસ્કૃતભારતી, ગુજરાત કાર્યાલય</u>

| | |
|---|---|
| શ્રી ભાર્ગવ ઠાકરે - | ૦૭૯-૨૫૩૮૪૮૦૮( સમય- સવારે ૧૦ થી ૬ ) |
| શ્રી ડૉ.નિકુંજ પટેલ- | ૯૮૯૮૪૭૦૦૭૦ (સંયોજક-ગુર્જર પ્રાંત) |
| શ્રી ડૉ.નૈતિક પ્રજાપતિ- | ૯૬૨૪૨૫૪૨૨૩ ( સહ સંયોજક-ગુર્જર પ્રાંત) |
| શ્રી અમિત ગોર- | ૯૬૩૮૮૩૧૫૧૮ ( સંયોજક સૌરાષ્ટ્ર પ્રાંત) |

Email- sgpariksha@gmail.com

ઉકત વિગતો ધ્યાને લઇ આપની કક્ષાએથી આપના તાબા હેઠળની ધોરણ ૯ થી ૧૨ની તમામ માધ્યમિ તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ: માર્ગદર્શિકા

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાના :

૧. અધ્યક્ષશ્રી, "પાણિનીયમ" ૧૫ કલ્યાણ બાગ, બળીયાકાકા માર્ગ કાંકરિયા, કર્ણાવતી-૩૮૦૦૨૮, અમદાવાદ.

Pan No. - AACTS4314H
ट्रस्ट रजी. नं. E / 12077 / AHMEDABAD
संस्कृतभारती

मो।६८१
05/7/2024

विशिख
(૩)

05 JUL 2024 10040

તારીખ-27/06/2024

પ્રતિ,
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નંબર 9/1 ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.

વિષય – માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ 9 થી 12ના બાળકોને **"સંસ્કૃતગૌરવપરીક્ષા"** માં ભાગ લેવા શાળાઓને પત્ર મોકલી આપવા બાબત.

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે સંસ્કૃતભારતી સમગ્ર દેશમાં અને વૈશ્વિક સ્તરે ૨૧ દેશોમાં સંસ્કૃત-સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સંસ્કૃતભાષાના સંવર્ધન અને સંરક્ષણનું કાર્ય કરે છે. તે અંતર્ગત રાજ્યની માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ધોરણ 9 થી 12 નાં બાળકોમાં સંસ્કૃતભાષાની સરળતા અને માધુર્યતાનો પરિચય થાય તે માટે દેશભરમાં **"સંસ્કૃતગૌરવપરીક્ષા"**નો પ્રકલ્પ ચાલી રહ્યો છે જે અન્વયે ગુજરાત રાજ્યમાં પણ આ પરીક્ષાનું કાર્ય અમદાવાદથી ચાલી રહ્યું છે.

**"સંસ્કૃતગૌરવપરીક્ષા"** દર વર્ષે ચાર વિભાગોમાં લેવામાં આવે છે. જેમાં ચાલુ વર્ષે તારીખ 07/12/2024 ને શનિવારના રોજ યોજવામાં આવનાર છે જે અંતર્ગત શાળાઓમાં સ્વેચ્છાએ ભાગ લેવા ઇચ્છતા બાળકોની વિગતો મોકલવાની તારીખ પરીક્ષા ફી તથા અન્ય વિગતો દર્શાવતું પત્રક આ સાથે સામેલ રાખેલ છે.

આપના જીલ્લા હસ્તકની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ 9 થી 12 ના બાળકો ભાગ લઇ શકશે.

## સંસ્કૃત ગૌરવ પરીક્ષા પુરસ્કાર વિતરણ કાર્યક્રમ













## પરામર્શક મંડળ

મહામહોપાધ્યાય શ્રી ભદ્રેશદાસસ્વામીજી
- અક્ષરધામ નવી દિલ્હી
સ્વામીશ્રી મુદિતવદનાનંદ સરસ્વતીજી
- આનંદ આશ્રમ, નડિયાદ
પ્રા.શ્રી ગિરીશભાઈ ઠાકર
-ઉપાધ્યક્ષ, અ.ભા.ઈતિહાસ સંકલન સમિતિ
શ્રી ભાગ્યેશભાઈ ઝા
- નિવૃત્ત સચિવશ્રી, ગુજરાત સરકાર
અધ્યક્ષ, સાહિત્ય અકાદમી, ગાંધીનગર
શ્રી સાંઈરામ દવે
કેળવણીકાર, શિક્ષણવિદ્, હાસ્ય કલાકાર
શ્રી મહેશભાઈ રામાણી
ટ્રસ્ટી શ્રી, આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ, સુરત

## સમિતિ

અધ્યક્ષ - શ્રી મનોજભાઈ ઉપાધ્યાય
સંયોજક (ગુર્જર પ્રાંત) - ડૉ. નિકુંજ પટેલ
સહ સંયોજક (ગુર્જર પ્રાંત) - ડૉ. નૈતિક પ્રજાપતિ
સંયોજક (સૌરાષ્ટ્ર પ્રાંત) - શ્રી અમિત ગોર
કાર્યાલય સંયોજક - શ્રી ભાર્ગવ ઠાકરે

નોંધ - સમિતિના અન્ય સદસ્યોના નામ 'સંસ્કૃતગૌરવપરીક્ષા' એપ્લિકેશનમાં વિગતવાર આપેલ છે.

## સંસ્કૃત ગૌરવ પરીક્ષા શા માટે?

બાલ્યકાળથી સંસ્કૃત પરિચય...
સામાન્યજન સંસ્કૃતાભિમુખ થાય.
સામાન્યજનને સંસ્કૃત પ્રત્યે પ્રેમ થાય.
ભવ્ય ભૂતકાળ જાણી શકાય.
આના થકી ભવિષ્ય પ્રતિ ચિંતન...
ભેદભાવ દૂર કરી સાંસ્કૃતિક પુનરુત્થાન...
સંસ્કૃત ફરીથી વ્યવહારભાષા બને.
સંસ્કૃતભાષાથી સમૃદ્ધિનું આગમન...
સંસ્કૃતભાષાની સરળતા તથા મધુરતાનો પરિચય.

ॐ

संस्कृतभारती-गुजरात-प्रेरिता

# संस्कृतगौरवपरीक्षा

પંજીકરણ માટે અંતિમ દિનાંક : ૩૦/૦૯/૨૦૨૪

પરીક્ષા દિનાંક : ૦૭/૧૨/૨૦૨૪, શનિવાર







संस्कृतगौरवपरीक्षा
संस्कृतभारती
'पाणिनीयम्' 15, कल्याणबाग, बलियाकाकामार्ग
कांकरिया, कर्णावती 380028
079-25384808
Web : samskritabharati.in
Email :sgpariksha@gmail.com
: 'संस्कृतगौरवपरीक्षा'

સંસ્કૃતભારતી ગુજરાત દ્વારા છેલ્લા ૨૦ વર્ષોથી '**સંસ્કૃતગૌરવપરીક્ષા**' પ્રકલ્પ ચાલી રહ્યો છે. અનુક્રમે '**પ્રવેશિકા**', '**પ્રદીપિકા**', '**પ્રમોદિકા**' અને '**પ્રવાહિકા**' આ ચાર પરીક્ષાઓનું આયોજન પ્રતિવર્ષ થાય છે.

આપને જણાવતાં ખૂબ જ આનંદ થાય છે કે સમગ્ર સમાજ માટે ખુલ્લા મૂકાયેલ આ પ્રકલ્પને શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક સંસ્થાઓ ઉપરાંત અનેક સંસ્કૃતાનુરાગીઓનો સહકાર મળ્યો છે. '**સંસ્કૃતગૌરવપરીક્ષા**'નાં પુસ્તકોનું આકર્ષક મુખપૃષ્ઠ, સચિત્ર વ્યાવહારિક સંસ્કૃતશબ્દો, સંસ્કૃત-ગીતો તથા ભાષાશૈલી રોચક હોવાથી લોકભોગ્ય બન્યાં છે.

આજ સુધી ગુજરાતના ૧,૫૦૦ કેન્દ્રો પરથી ૩,૫૮,૭૫૮ વિદ્યાર્થીઓ અને સંસ્કૃતાનુરાગીઓએ આ પરીક્ષાનાં માધ્યમથી સંસ્કૃતભાષાનું અધ્યયન કર્યું. હવે જનજન સુધી પહોંચવાનો આપણો સંકલ્પ છે. આ સંકલ્પપૂર્તિમાં સહાયરૂપ થવા માટે આપને નમ્ર વિનંતી.

## આપ આટલું કરી શકો !

- આપ શાળા-કોલેજમાં અધ્યાપન કરાવતા હોવ તો આપની શાળા-કોલેજના બધા જ વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા પ્રોત્સાહિત કરી શકો.
- આપ કોઈ સ્વૈચ્છિક સંસ્થા, સંગઠન કે સંસ્કૃત પ્રેમીઓના સંપર્કમાં હોવ તો તેમના સુધી આ પરીક્ષાની માહિતી પહોંચાડી કેન્દ્ર ઊભા કરવા સહાયક બની સંસ્કૃતિ-પૂજક બની શકો.
- આપની શેરી, સોસાયટી કે સમાજમાં પણ આ કેન્દ્રનું ... કરી શકો.
- આપનો આ પ્રયાસ સોનામાં સુગંધનું કામ કરશે.

## પરીક્ષા પ્રણાલી

ક) કેન્દ્રમાં પરીક્ષાર્થીઓની લઘુત્તમ સંખ્યા ૫૦ રહેશે.
- ચારેય પરીક્ષાના પરીક્ષાર્થીઓની કુલ સંખ્યા ૫૦ હોય તો પણ કેન્દ્ર કરી શકશે.

ખ) છઠ્ઠા ધોરણથી શરૂ કરીને ઉચ્ચ શિક્ષણ સુધીના કોઈ પણ વિદ્યાર્થીઓ તેમજ કોઈપણ સામાજિક વ્યક્તિ આ પરીક્ષામાં ભાગ લઈ શકશે.

ગ) અનુક્રમે પ્રવેશિકા અને પ્રદીપિકા તથા પ્રમોદિકા અને પ્રવાહિકા એમ બે પરીક્ષાઓ સાથે આપી શકાય.

## પંજીકરણ પહેલાની પ્રક્રિયા

**સંસ્થાએ ફોર્મ ભરતા પહેલા ધ્યાનમાં રાખવાની બાબતો.**

કેન્દ્ર સંયોજકે સૌ પ્રથમ પ્રત્યેક વિદ્યાર્થીઓનાં નામ, જન્મ તારીખ, મોબાઈલ નંબર અને કઈ પરીક્ષા આપવાની છે, તેની માહિતી એકત્ર કરી લેવી. પ્રત્યેક વિદ્યાર્થીઓની ફી પણ સંયોજકે મેળવી લેવી. પ્રત્યેક પરીક્ષા દીઠ કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે, તે નક્કી કરી લેવું.

ફોર્મમાં કેન્દ્રનું નામ, કેન્દ્ર સંયોજકનું પૂર્ણ નામ, ઈમેઈલ, મોબાઈલ નંબર, કેન્દ્રનું સરનામું, પીનકોડ નંબર અને પ્રત્યેક પરીક્ષાદીઠ કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. આટલી બાબતો ફોર્મ ભરતા પહેલા તૈયાર રાખવી.

## પંજીકરણ પ્રક્રિયા

સૌ પ્રથમ Google Playstore માં જઈને 'સંસ્કૃતગૌરવપરીક્ષા' એપ્લિકેશન ડાઉનલોડ કરી ઈ-મેઈલ આઈડીથી લોગઈન કરવું, ત્યારબાદ Register as institute પર ક્લિક કરવાથી સંસ્કૃતગૌરવપરીક્ષા સંબંધી માહિતી અને સુચનાઓ વાંચી સૌથી નીચે Continue બટન પર ક્લિક કરવાથી ફોર્મ ખુલશે. વિગતો અંગ્રેજીમાં સંપૂર્ણ ભરાઈ ગયા બાદ Register and Pay fee પર ક્લિક કરવાથી પેમેન્ટનું ઓપ્શન આવશે. તેમાં એટીએમ કાર્ડ, યુપીઆઈ, ગુગલ પે વગેરે દ્વારા પેમેન્ટ કરવાનું રહેશે. પેમેન્ટ થઈ ગયા બાદ આપને My Registration માં Waiting for confirmationનો સંદેશ બતાવશે. તેમાં સંસ્કૃતગૌરવપરીક્ષા કાર્યાલય દ્વારા ૨૪ કલાકની અંદર આપના રજિસ્ટ્રેશનની પુષ્ટી કરવામાં આવે ત્યાં સુધી વિદ્યાર્થીઓની યાદી માટેની એક્સેલ ફાઈલ ડાઉનલોડ કરી બધી વિગતો દેવનાગરી લીપિ / હિન્દીમાં ભરી તૈયાર રાખવી, ત્યારબાદ આપ પરીક્ષાર્થીઓના નામની યાદી (Excel File) અપલોડ કરી શકશો. તેમજ જુના પરીક્ષાર્થીઓની યાદી ડાઉનલોડ કરવી વગેરે પ્રક્રિયાઓ કરી શકશો.

એપ્લીકેશન ડાઉનલોડ કરવા QR Code સ્કેન કરો

**નોંધ : રજીસ્ટ્રેશનની પુષ્ટિ થયા બાદ વિદ્યાર્થીઓના નામની યાદી વાળી Excel ... માં અપલોડ કરવાની રહેશે.**

## સંસ્થા માટે શુલ્ક

ક) (૧) **પ્રવેશિકા** રૂ.૬૦ (૨) **પ્રદીપિકા** રૂ.૬૦
(૩) **પ્રમોદિકા** રૂ.૬૦ (૪) **પ્રવાહિકા** રૂ.૬૦

ખ) આ શુલ્ક પુસ્તક, પ્રમાણપત્ર અને પરીક્ષા શુલ્ક સાથેનું છે.

ગ) દરેક કેન્દ્ર સંયોજકને પોતાના કેન્દ્રના પરીક્ષાના શુલ્કમાંથી પરીક્ષાર્થી દીઠ ખર્ચ લેખે રૂ.૧૦/- આપવામાં આવે છે. (આ દસ રૂપિયા કેન્દ્ર સંયોજકના વ્યય, Excel ફોર્મેટ તૈયાર કરવા, ટપાલ, નિરીક્ષક પુરસ્કાર વગેરે વ્યવસ્થા માટે છે.)

## પરીક્ષા

- ચારેય પરીક્ષાઓ O.M.R. પદ્ધતિથી લેવામાં આવશે. કુલ ૫૦ પ્રશ્નો રહેશે, દરેક પ્રશ્નના ૦૨ ગુણ રહેશે.

## પરિણામ અને પ્રમાણપત્ર

ક) ઉત્તીર્ણતા માટે ૪૦ ગુણ રહેશે. ઉત્તીર્ણ થનાર પ્રત્યેકને શ્રેણી અનુસાર પ્રમાણપત્ર આપવામાં આવશે.
જેમ કે...

| | | | |
|---|---|---|---|
| તૃતીય શ્રેણી : | ૪૦ થી ૫૪ | પ્રથમ શ્રેણી : | ૭૦ થી ૮૪ |
| દ્વિતીય શ્રેણી : | ૫૫ થી ૬૯ | વિશેષયોગ્યતા : | ૮૫ થી ૧૦૦ |

ખ) પરીક્ષા પૂરી થયા પછી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર પરીક્ષા કેન્દ્રના સરનામે સત્વરે મોકલવામાં આવશે.
(પરીક્ષાને લગતા આપના અમૂલ્ય પ્રતિભાવો આવકાર્ય છે.)

## પરીક્ષા સમયસારિણી

દિનાંક - ૦૭.૧૨.૨૦૨૪, શનિવાર (સંભવિત)

ક) પ્રવેશિકા, પ્રમોદિકા ૧૧:૩૦ થી ૧૨:૩૦
ખ) પ્રદીપિકા, પ્રવાહિકા ૦૧:૦૦ થી ૦૨:૦૦

## સંપર્કસૂત્ર


૦૭૯-૨૫૪૩૮૯૦૮ ● સમય : સવારે ૧૦ થી ૫
Email sgparikshaa@gmail.com ▶ સંસ્કૃતગૌરવપરીક્ષા
૯૨૨૯૫૨૯૯૧૪ (માત્ર Whatsapp મેસેજ માટે)

સંયોજક (ગુજરાત પ્રાંત)
ડૉ. નિકુંજ પટેલ
મો.: ૯૮૯૮૪૭૦૦૭૦

સંયોજક (સૌરાષ્ટ્ર પ્રાંત)
શ્રી અમિત ગોર
મો.: ૯૯૩૮૮૩૧૫૧૮

સહ સંયોજક (ગુજરાત પ્રાંત)
ડૉ. નૈતિક પ્રજાપતિ
મો.: ૯૯૨૪૨૫૪૨૨૩